# Day to Day Current Affairs

21.Dec 2015

## ૧. DG કોન્ફરન્સ :

- દર વર્ષે દેશના ઉચ્ચ પોલીસ અધિકારીઓની ડીજી કોન્ફરન્સ યોજવામાં આવે છે.
- અત્યાર સુધી દિલ્હી ખાતે જ આ કોન્ફરન્સ યોજાતી હતી પરંતુ નરેન્દ્ર મોદી વડાપ્રધાન બન્યા બાદ દિલ્હીથી બહાર આ કોન્ફરન્સ યોજવાનું ચાલુ કર્યું છે.
- ગત વર્ષે ગુવાહાટીમાં કોન્ફરન્સ બોલાવ્યા બાદ આ વર્ષે કચ્છના ધોરડોમાં ડીજી કોન્ફરન્સનું આયોજન થયું.
- ૧૮ થી ૨૦ ડિસેમ્બર ત્રણ દિવસ યોજાય ગયેલ આ કોન્ફરન્સમાં જમ્મુ કાશ્મિર સિવાય દેશના તમામ રાજ્યોના ૪૦ ડીજીપી ઉપરાંત ૪૬ જેટલા એડિશનલ ડીજી સહિત ૨૩૬ જેટલા પોલીસ ઓફિસરો મહેમાન બન્યા હતાં.
- કચ્છ ખાતે યોજાયેલ આ 50મી ડીજી કોન્ફરન્સ હતી.
- વડાપ્રધાનની નવેમ્બરની બ્રિટનની મુલાકાત દરમિયાન ત્યાની સરકારે સ્વતંત્રતા સંગ્રામના લડવૈયા પંડિત શ્યામજી કૃષ્ણ વર્માની બેરિસ્ટરની પદવીને પુન: માન્ય કરીને ભારત સરકારને સુપરત કરી હતી.
- આ ડિગ્રી બ્રિટનની સોસાયટી ઓફ ધ ઈનર ટેમ્પલ દ્વારા મળેલ હતી જે બ્રિટન સરકારે ૧૯૦૫ માં રદ કરી હતી.
- લંડનમાં શ્યામજી કૃષ્ણ વર્મા અને મેડમ ભિખાઈજી કામા દ્વારા સંચાલીત ઈન્ડિયન સોશ્યોજીસ્ટ નામના અખબારથી ત્યાની સરકાર પરેશાન હતી અને આ કારણે જ બ્રિટન સરકારે તેમની ડિગ્રી રદ કરી હતી.
- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ પદવી પુન: માન્ય કરાવીને ડીજી કોન્ફરન્સમાં ગુજરાત સરકારને અર્પણ કરી હતી.
- તેમજ કોન્ફરન્સ દરમિયાન વડાપ્રધાન મોદીના હસ્તે ‘ ઈન્ડિયન પોલીસ ઈન સર્વિસ ઓફ ધ નેશન’ વેબસાઈટનું લોન્ચિંગ કરવામાં આવ્યું હતું.
- આ સિવાય વડાપ્રધાન મોદીએ ;ડિઝાસ્ટર મેનેજમેન્ટ – ભુજનો અનુભવ’ વિષય દાખલ કરાવ્યો હતો.
- મુખ્યમંત્રી આનંદીબેન પટેલે કચ્છની આગવી ઓળખ સમાન ગરમ શાલ અર્પણ કરી વડાપ્રધાન નરેન્દ્ર મોદીને કોન્ફરન્સના અંતે વિદાય આપી હતી.

## ૨. ઈન્ડિયન સુપર લીગ – ૨ : ફુટબોલ

- ઈન્ડિયન સુપર લીગ – ૨ ની ફાઈનલ મેચમાં અભિષેક બચ્ચનની માલિકીવાળી ચેન્નાઈયન એફસીએ 3-2 થી ટાઈટલ પોતાના નામે કર્યું હતું.
- હરિફ ટીમ – ગોવા.
- આ સીઝનમાં સૌથી વધુ ગોલ ગોવા ટીમે કર્યા હતા. ૧૭ મેચમાં ૩૪ ગોલ.
- તેમજ વ્યકિતગત ટોપ સ્કોરરમાં ચેન્નાઇયન ના જહોન મેન્ડોઝા એ 16 મેચમાં 12 ગોલ કર્યા હતા.

## ૩. ઈન્ટરનેશનલ ટેનિસ પ્રીમિયર લીગ :

- ભારતના ટેનિસ સ્ટાર મહેશ ભૂપતિ દ્વારા યોજાયેલ ઈન્ટરનેશનલ ટેનિસ પ્રીમિયર લીગ (ITPL) ની બીજી સીઝનની ફાઈનલમાં સિંગાપોર સ્લેમર્સ વિજેતા બન્યુ હતું.
- હરીફ ટીમ : ઈન્ડિયન એસર્સ.

### પ્રશ્નો

૧. દેશના ઉચ્ચ પોલીસ અધિકારીઓની DG કોન્ફરન્સ તાજેતરમાં ક્યાં યોજાઈ ? – કચ્છના ધોરડો ખાતે.

૨. DG કોન્ફરન્સનો આ વખતનો ક્રમ જણાવો... ૫૦

૩. વર્ષ – ૨૦૧૪ ની ડીજી કોન્ફરન્સ ક્યાં યોજાઈ હતી ? – ગૌહાટી.

૪. ડીજી કોન્ફરન્સ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ક્યાં મહાનુભાવની બેરીસ્ટરની પદવી બ્રિટિશ સરકાર પાસેથી પુન: માન્ય કરાવી ગુજરાત સરકારને પરત કરી હતી ? – શ્યામજી કૃષ્ણ વર્મા.

૫. લંડનમાં શ્યામજી કૃષ્ણ વર્મા ક્યું અખબાર ચલાવતાં ? – ઈન્ડિયન સોશ્યોલોજીસ્ટ.

૬. ડીજી કોન્ફરન્સ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ કઇ વેબસાઇટ લોન્ચિંગ કર્યું હતુ ? ‘ઇન્ડિયન પોલીસ ઇન સર્વિસ ઓફ ધ નેશન’

૭. ડીજી કોન્ફરન્સ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ ક્યો વિષય દાખલ કરાવ્યો હતો ? ‘ડિઝાસ્ટર મેનેજમેન્ટ- ભુજનો પ્રારંભ’

૮. ઇન્ડિયન સુપર લીગ-2 વિજેતા ટીમ ? ચેન્નાઇયન એફસી

૯. ઇન્ડિયન સુપરલીગ-2 રનર્સ અપ ટીમ ? ગોવા

૧૦. ઇન્ટરનેશન ટેનિસ પ્રિમિયમ લીગનું આયોજન કોના દ્વારા થાય છે ? મહેશ ભુપતિ

૧૧. ઇન્ટરનેશનલ ટેનિસ પ્રિમિયર લીગ સિઝન-2 વિજેતા ટીમ ? સિંગાપોર સ્લેમર્સ

૧૨. ઇન્ટરનેશનલ ટેનિસ પ્રિમિયર લીગ સિઝન-2 હરિફ ટીમ ? ઇન્ડિયન એસર્સ

Vivekanand Academy Gandhinagar